સમકાલીન પરિપ્રેક્ષ્યમાં વૈવાહિક જીવનની સમસ્યા અને ‘ઉત્તરરામચરિતમ્’માં રામ–સીતા દાંપત્યનો આદર્શ

Dr Vaishali Jaydipsinh Dodiya
Department of comparative literature
Veer Narmad South Gujarat University Surat
Contact number -9978329494
Email id -vjd7387@gmail.com

VNSGU Journal of Research and Innovation (Peer Reviewed / Refereed)
ISSN:2583-584X
Volume No.5 Issue No.:3 July to September 2026

સારાંશ (Abstract)

આધુનિક સમયમાં વૈવાહિક જીવન અનેક પ્રકારની જટિલતાઓથી ઘેરાયેલું જોવા મળે છે. પતિ–પત્ની વચ્ચે સંવાદનો અભાવ, અવિશ્વાસ, અહંકાર, ભૌતિકવાદી દ્રષ્ટિકોણ, આત્મકેન્દ્રિત જીવનશૈલી વગેરે કારણોસર છૂટાછેડા અને વિયોગની ઘટનાઓ સામાન્ય બની રહી છે. દંપતી બાહ્ય રીતે સાથે રહે છે, ત્યારે પણ આંતરિક સ્તરે તેમની વચ્ચે ભાવનાત્મક દૂરી, માનસિક એકલતા અને સહજીવનની ઉણપ અનુભવાય છે. આ પરિસ્થિતિ પ્રાચીન ભારતીય દાંપત્ય આદર્શથી સર્વથા વિપરીત છે, જ્યાં વિવાહને માત્ર એક સામાજિક કરાર ન ગણી, પરંતુ આધ્યાત્મિક સાધના, જવાબદારી અને ચરિત્ર–નિર્માણની પવિત્ર સંસ્થા તરીકે માન્યતા આપવામાં આવી છે.

મહાકવિ ભવભૂતિકૃત ઉત્તરરામચરિતમ્ માં શ્રીરામ અને સીતાનું દાંપત્ય જીવન સમકાલીન વૈવાહિક સંકટના સંદર્ભમાં એક આદર્શ, શક્તિશાળી અને પ્રેરક પ્રતિમાન તરીકે સામે આવે છે.વનવાસ, લોકમતિ, રાજધર્મ, સામાજિક દબાણ, વિયોગ અને ત્યાગ જેવી અતિ ક્લેષજનક પરિસ્થિતિઓ વચ્ચે પણ રામ–સીતા વચ્ચેનો પ્રેમ, વિશ્વાસ, માન–આદર, સહજીવન અને સમર્પણની ભાવના અખંડિત રહે છે.

આ સંશોધન–લેખ ઉત્તરરામચરિતમમાં પ્રતિબિંબિત રામ–સીતા દાંપત્ય સંબંધનું વિશ્લેષણ કરીને પ્રતિપાદિત કરે છે કે જો આધુનિક દંપતી દાંપત્ય, સહજજીવન, ત્યાગ અને આદર્શ દંપતી–ભાવનાને જીવનમાં આત્મસાત કરે, તો આજના વૈવાહિક જીવનમાં ઊભા થયેલા સંકટોના નિવારણ તરફ વધુ સાર્થક માર્ગ પ્રાપ્ત થઈ શકે છે.

1. ભૂમિકા (પરિચય)

વર્તમાન સમયમાં વૈવાહિક સંસ્થા ગંભીર સંકટમાંથી પસાર થતી દેખાય છે.આજનું દાંપત્ય જીવન માનસિક તાણ–તણાવ, ભૌતિકવાદી દ્રષ્ટિકોણ, આત્મકેન્દ્રિત વૃત્તિ, પરસ્પર અવિશ્વાસ અને સંવાદના અભાવ જેવી અનેક સમસ્યાઓથી ઘેરાયેલું છે.પરિણામે છૂટાછેડા, અલગાવ અને કુટુંબ વિખંડનની ઘટનાઓ સતત વધી રહી છે.

આધુનિક દંપતી બહારથી તો સાથે રહે છે, પરંતુ આંતરિક સ્તરે તેમની વચ્ચે માનસિક નિકટતા, ભાવનાત્મક એકત્વ અને સહ–અસ્તિત્વનો અભાવ સ્પષ્ટ દેખાઈ આવે છે.

આ પરિસ્થિતિ ભારતીય સંસ્કૃત પરંપરામાં વર્ણવાયેલા તે –આદર્શથી વિરુદ્ધ છે, જેમાં ગૃહસ્થ આશ્રમને ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સાધનાના સંતુલિત સાધન તરીકે માનવામાં

આવ્યો છે। અહીં પતિ–પત્નીનો સંબંધ માત્ર દેહસભર અથવા સામાજિક જ નથી, પરંતુ આધ્યાત્મિક–સાંસ્કૃતિક સહજીવન (co–existence / symbiosis)નું પ્રતિક છે.

આ સંદર્ભમાં મહાકવિ ભવભૂતિકૃત ઉત્તરરામચરિતમ્ એક અત્યંત મહત્વની કૃતિ તરીકે પ્રગટ થાય છે, જ્યાં શ્રીરામ અને સીતાનું દાંપત્ય ભારતીય પારિવારિક મૂલ્યોની સર્વોચ્ચ અભિવ્યક્તિ રૂપે સામે આવે છે.

2. ઉત્તરરામચરિતમ્ અને ભવભૂતિની –દૃષ્ટિ

ઉત્તરરામચરિતમ્ ભવભૂતિની સર્વોચ્ચ અને અતિ પ્રખ્યાત નાટ્યકૃતિઓમાંની એક છે. તેથી પરંપરામાં કહેવાયું છે—

"उत्तररामचरिते भवभूतिर्विशिष्यते।"

અર્થાત્ ઉત્તરરામચરિતમ્માં ભવભૂતિનું કાવ્ય–કૌશલ અને નાટ્ય–દૃષ્ટિ વિશેષ રૂપે પ્રગટ થાય છે.

ભવભૂતિની વિશેષતા એ છે કે તેઓ પોતાની કૃતિઓમાં માતા–પિતા, પતિ–પત્ની, ભાઈ–બહેન, ગુરુ–શિષ્ય, પુત્ર–પુત્રી વગેરે માનવીય સંબંધોની સૂક્ષ્મતાઓને અત્યંત સંવેદનશીલતા, શિસ્ત, નૈતિકતા અને મર્યાદા સાથે રજૂ કરે છે.

તેમના નાટકોના મુખ્ય પાત્રો શીલ, સંયમ, એકપત્નીવ્રત, ચરિત્ર–નિર્વિકારતા અને ધાર્મિક જવાબદારીના આદર્શોનું પાલન કરતા જોવા મળે છે.

ભવભૂતિના નાટકોમાં પ્રેમ માત્ર ઇન્દ્રિય–સુખ કે આકર્ષણ ન રહે, પરંતુ સર્વોચ્ચ નૈતિક અને આધ્યાત્મિક ઊર્જા તરીકે પ્રસ્તુત થાય છે। ઉત્તરરામચરિતમ્માં રામ–સીતા વચ્ચેનો પ્રેમ ભાવુકતાના આબાદ પ્રવાહને પાર કરી ધર્મ, ફરજ, ત્યાગ, સમર્પણ અને દૈવી સહજીવનનો આદર્શ રૂપ ધારણ કરે છે.

3. દાંપત્ય પ્રેમની કલ્પના : ઉત્તરરામચરિતમ્ દ્રષ્ટિએ વૈવાહિક પ્રેમ

ઉત્તરરામચરિતમના પ્રથમ ત્રણ અંકમાં રામ અને સીતાના વચ્ચે રહેલા આદર્શ દાંપત્ય પ્રેમનું અત્યંત સરસ, કોમળ અને ઊંડું ચિત્રણ પ્રાપ્ત થાય છે.ભવભૂતિ દાંપત્ય પ્રેમની મહિમા વર્ણવતા કહે છે—

"अद्वैतं सुखदुःखयोर्नुगतं सर्वास्ववस्थासु यत्।
विश्रान्ति हृदि यस्य तस्मिन्नहंयो रसोऽत्यान्तरः॥"
(उत्तररामचरितम् 1/38)

અર્થ–

જેઓ પ્રેમ એવી સ્થિતિ સુધી પહોંચે છે કે સુખ–દુઃખ બંને સ્થિતિમાં સમાન, અખંડ અને અડગ રહે છે,

જીવનની દરેક પરિસ્થિતિમાં હૃદયને શાંતિ, વિશ્વાસ અને સ્થિરતા આપે છે,

સમયની સાથે જે ક્ષીણ ન થઈ, પરંતુ વધુ પરિપક્વ બને છે—

એવો પ્રેમ જ સાચો વૈવાહિક પ્રેમ કહેવાય.

અહીં ભવભૂતિ દાંપત્ય સંબંધને માત્ર યુવાનીના આકર્ષણ સુધી મર્યાદિત નહિ રાખતા, પરંતુ જીવનપર્યંત સાથે ચાલનારી અદ્વૈત એકતા (oneness)ના રૂપમાં જોશે છે. તેઓ માને છે કે સચ્ચો દાંપત્ય પ્રેમ વૃદ્ધાવસ્થા, રોગ, વિયોગ, સંકટ વગેરેની પરિસ્થિતિઓ સામે કમજોર બનતો નથી, પરંતુ વધુ ઊંડો, સ્થિર અને મૂલ્યવાન બને છે.

અહીં લેખિકા/લેખક દ્વારા સૂચિત તે વિચાર અત્યંત ઉલ્લેખનીય છે કે જો આજનું યુવા–વર્ગ આવા દાંપત્ય–આદર્શને વાંચી–સમજીને સ્વીકારશે, તો તેમના વૈવાહિક જીવનમાં આવતી ઘણી સમસ્યાઓથી બચી શકાય છે.

4. સહજીવન (Symbiosis) અને દાંપત્યની આંતરિકતા

"आ विवाहसंवादाद् गृहे वने शेष्वपि तदनु यौवने पुनः।
रामभुजा भवतु ते शयनीया..."

અર્થ–

વિવાહ–સમયથી લઈને ગૃહસ્થ–જીવન સુધી, પછી વનમાં પસાર કરેલા યુવાનીના દિવસોમાં પણ—

તારા શયન (વિશ્રામ) માટે એક જ આધાર રહ્યો છે,

તે છે રામની ભુજા;

બીજી કોઇ સ્ત્રી દ્વારા સેવા અથવા સહચારનો પ્રશ્ન જ નથી.

અહીં રામ–સીતા–સબંધ માત્ર દાંપત્ય ફરજોમાં મર્યાદિત નથી, પરંતુ અસ્તિત્વ સુધી ફેલાયેલું એકાત્મ (existential oneness) પામે છે."રામની ભુજા" માત્ર શારિરિક તકીયો નથી, તે સુરક્ષા, સ્નેહ, છત્રછાયા, વિશ્વાસ અને આત્મીયતાનું જીવંત પ્રતિક છે.

5. સ્ત્રી–સન્માન, સ્પર્શ અને વિરહ : સીતાપ્રતિ રામની શ્રદ્ધા

ઉત્તરરામચરિતમ્માં ભવભૂતિએ સ્ત્રી પ્રત્યે અત્યંત ઉંચો સન્માનભાવ વ્યક્ત કર્યો છે. તેઓ સ્ત્રીને માત્ર ભોગ–વસ્તુ નહિ માનતા, પરંતુ સુખ અને શાંતિનો આધ્યાત્મિક મૂળસ્ત્રોત, ગૃહલક્ષ્મી, સંસ્કાર–ધારક અને સહધર્મચારિણી તરીકે સ્વીકારે છે.

નાટકના એક સંવેદનશીલ પ્રસંગમાં વિરહ–વેદનાથી વ્યાકુળ થઈ રામ અચેત જેવી સ્થિતિમાં હોય છે

ત્યારે તમસા સીતાને સંબોધીને કહે છે કે—

હે કલ્યાણી, જગતપતિ શ્રીરામને સ્થિર કરવાની શક્તિ તારા પાસે જ છે, કારણ કે તેઓ તારા હાથના સ્પર્શના અભ્યાસી છે અને તને જ પ્રિય રાખે છે.

સીતાના કોમળ સ્પર્શથી રામ ફરી સજાગ બને છે. રામની અનુભૂતિ એમ વ્યક્ત થાય છે કે—

“આ તો પૂર્વપરિચિત એવો સ્પર્શ છે,

જે જીવનશક્તિ આપે છે, મનને શાંતિ–સંતુષ્ટિ આપે છે,

વિરહ–વેદનાથી થકેલા હૃદયને અંદરથી શમન કરે છે.”

અહીં સ્પર્શ માત્ર શારીરિક નહીં, પરંતુ આત્મીય દાંપત્ય સહજીવનનું પ્રતિક બનીને સામે આવે છે.

સીતાના દૃષ્ટિકોણથી પણ રામ માટેનો પ્રેમ એટલો ગાઢ છે કે જ્યારે રામમાં ચેતના પરત ફરે છે, ત્યારે સીતાના વચનોમાં એવો ભાવ પ્રગટ થાય છે કે—

“એવું લાગે છે, જાણે ત્રણે લોકમાં ફરીથી પ્રાણપ્રતિષ્ઠા થઈ હોય;

જ્યારે જગતપતિ રામ જીવંત થયા, ત્યારે સમૂચું જગત જીવંત બની ગયું.”

આ ભાવ સૂચવે છે કે પત્ની માટે પતિનું જીવન સમગ્ર જગતના જીવન સમાન છે.

6. અગ્નિ–પરીક્ષા, સીતાની પવિત્રતા અને ત્યાગનું પરિમાણ

ઉત્તરરામચરિતમ્માં સીતાની પવિત્રતા અંગે રામનો અભિપ્રાય અત્યંત મહત્વનો છે.અગ્નિ–પરીક્ષાના સંદર્ભમાં તેઓનો ભાવ એવો છે કે—

“उत्पत्तिपरिपूतायाः किमस्याः शौचकर्मणा।
न ह्यन्या शुद्धिरस्या, न तोयेन न चानलैः॥”

અર્થ–

જે સીતાજી જન્મથી જ પવિત્ર છે,

તેમને કોઇપણ બહારના સાધનથી વધુ શુદ્ધ કરવાનો પ્રશ્ન જ ઉપસ્તિત થતો નથી;

ન પવિત્ર જલથી, ન અગ્નિની પરીક્ષા દ્વારા તેમની પવિત્રતા વધી શકે.

આ દૃષ્ટિકોણ જણાવે છે કે રામના મનમાં સીતાની પવિત્રતા અંગે જરાય શંકા નથી, પરંતુ તેઓ તેમને હંમેશા અંતરાત્માથી નિર્વિકાર, નિષ્કલંક અને ઉત્તમ ચરિત્રવાળી ગણાવે છે.

ત્રીજા અંકમાં ખબર પડે છે કે સીતાવિયોગ પછી પણ રામે સોનાની મૂર્તિ (સ્વર્ણ–પ્રતિમા) સ્થાપિત કરીને તેમને "સહધર્મચારિણી" રૂપે યજ્ઞમાં સહભાગિણી માની છે.આ જાણીને સીતાના હૃદયમાંથી રામ પ્રત્યેનો મનોમાલિન્ય અને ત્યાગ–ભાવ સંપૂર્ણપણે દૂર થાય છે, અને તે અનુભવે છે કે—

રામે મને માત્ર રાજધર્મને કારણે વનમાં મોકલી;

હૃદયથી ક્યારેય ત્યજી નથી.

અહીંથી ત્યાગનો પરિમાણ સ્પષ્ટ થાય છે.પરિસ્થિતિ–જન્ય વિયોગ એક બાબત છે;

પરંતુ હૃદયથી ત્યાગ, અનાદર અથવા અવિશ્વાસ –

એવો ત્યાગ રામ–સીતા સંબંધમાં ક્યાંય દેખાતો નથી.

7.દાંપત્ય નિષ્ઠાનું શિખર : પુનર્વિવાહ ન કરવાનો આદર્શ

રામ–સીતા દાંપત્ય આદર્શની પરાકાષ્ઠા એ છે કે સીતાના વનગમન પછી પણ રામે કોઈ અન્ય સ્ત્રી સાથે વિવાહ નથી કર્યા, જ્યારે રાજા તરીકે તેમને એવું કરવાની સામાજિક મંજૂરી સરળતાથી મળી શકતી હતી.બીજી બાજુ, સીતાએ પણ પ્રચંડ કષ્ટમય પરિસ્થિતિ, એકાંત, પરિત્યાગ અને અન્યાયનો ભોગ બનીને પણ ક્યારેય અન્ય કોઈ આધાર અથવા સંબંધ તરફ દૃષ્ટિ નથી ફેરવી.

આ રીતે ઉત્તરરામચરિતમમાં દર્શાવેલો દાંપત્ય–નિષ્ઠાનો આદર્શ માત્ર કથાક્રમની સુંદરતા નથી, પરંતુ સમાજ માટે વૈવાહિક નૈતિકતાનું ઉન્નત માપદંડ છે.

8. ગૃહસ્થ-ધર્મ, પત્નીનું સ્થાન અને ભારતીય મૂલ્યબોધ

ભારતીય પરંપરામાં પ્રાચીન કાળથી ગૃહસ્થાશ્રમને અત્યંત મહત્વનું સ્થાન આપવામાં આવ્યું છે.મનુસ્મૃતિમાં પણ ગૃહસ્થાશ્રમને અન્ય આશ્રમોનો પોષક ગણવામાં આવ્યો છે. પત્નીને ગૃહલક્ષ્મી, સુખ–શાંતિની સ્વામિની અને સંતાન–સંસ્કારની મૂળભૂત આધારશિલા માનવામાં આવે છે.

ઉત્તરરામચરિતમ્ માં ભવભૂતિએ પત્નીને પતિની ધર્મચારિણી, ગૃહલક્ષ્મી, સુખ–શાંતિ અને સંસ્કારની અધિકારિણી તરીકે પ્રસંશિત કરી છે. પત્નીની ઉણપને સમાજ અને વિશ્વ–જીવન માટે

એક મોટી હાનિ ગણાવાઈ છે પતિ–પત્નીને એક રથના બે પૈડાં ગણાવાયા છે; બંનેના સંતુલનથી જ જીવન–રથ યોગ્ય દિશામાં અને સ્થિરતાથી આગળ વધી શકે છે.

9. આધુનિક વૈવાહિક સંકટ અને રામ–સીતા આદર્શની પ્રાસંગિકતા

આજના સમાજમાં લગ્ન–પ્રથાનું સ્વરૂપ ઝડપથી બદલાઈ રહ્યું છે. સંયુક્ત કુટુંબોની સંખ્યા ઘટી રહી છે, કારકિર્દી–કેન્દ્રિત જીવન, વૈશ્વિકીકરણ, સોશિયલ મીડિયા–આધારિત સંબંધો, ભૌતિક સફળતાની અંધ દોટ વગેરેના કારણે દાંપત્યજીવનની ગહનતા અને સ્થિરતામાં ઘટાડો જોવા મળે છે.છૂટાછેડા અને અલગાવની ઘટનાઓમાં વધારો,પતિ–પત્ની વચ્ચે ધીરજ, સંવાદ અને સંવેદનશીલતાની ઘટતી ક્ષમતા,બાળકોમાં અસુરક્ષા, ચિંતાતુરતા, વર્તનની સમસ્યાઓ,પરિવારનો રોલ ફંક્શનલ યુનિટ" પૂરતો જ રહી ગયો છે,ભાવનાત્મક આશ્રયસ્થાન નહિ.

માતા–પિતાની સતત તણાવભરી સ્થિતિ, ઝગડો, તૂટતો સંબંધ તેનું સીધું પ્રતિકૂળ પરિણામ બાળકોની માનસિક દુનિયા પર પડે છે.

આગળ ચાલીને આવા બાળકો પોતાના વૈવાહિક જીવનમાં પણ એ જ શૈલી મુજબ ફરી જીવે છે, જે તેમણે બાળપણમાં જોઈ હોય.

આવી સ્થિતિમાં ઉત્તરરામચરિતમ્ માં પ્રતિબિંબિત રામ–સીતા દાંપત્યજીવન માત્ર પૌરાણિક કથા નથી, પરંતુ આધુનિક સમાજ–સુધાર અને પરિવાર–પુનઃરચના માટે જીવંત મોડલ બની શકે છે.

જો આજનો યુગ વિવાહને માત્ર કાનૂની કરાર અથવા સામાજિક ફરજ નહીં, પરંતુ સહજીવન, સંવાદ, ત્યાગ, વિશ્વાસ, કરુણા અને નૈતિક જવાબદારીની એકીકૃત સાધના તરીકે સ્વીકારે,તો વૈવાહિક સંકટની તીવ્રતા ઘણાં અંશે ઘટાડી શકાય છે.રામ–સીતા આદર્શ આપણને શીખવે છે કે—

દાંપત્યપ્રેમ પરિસ્થિતિ–આધારિત આકર્ષણ નહીં,

પરંતુ જીવન–આધારિત પ્રતિબદ્ધતા છે;સહજીવનમાં "હું" કરતાં "અમે"ની ભાવનાને પ્રાધાન્ય આપવું જોઈએ;સ્ત્રી અને પુરુષ બંનેએ પરસ્પરનાં સ્વત્વ, ગણમાન અને ગૌરવનો સન્માન કરવો જોઈએ;

કઠોર પરિસ્થિતિઓમાં પણ એકનિષ્ઠતા અને વિશ્વાસને ન છોડવો જોઈએ.

નિષ્કર્ષ

સમકાલીન સમાજની સૌથી મોટી જરૂરિયાત એ છે કે આવતી પેઢીને એવું કુટુંબ–પર્યાવરણ આપવામાં આવે, જેમાં તેઓ સ્થિર, પ્રેમભર્યું, સુરક્ષિત અને મૂલ્ય–આધારિત જીવન જીવી શકે.આજના કુટુંબ–સંયોજનમાં થતા ઝડપી પરિવર્તનોનો સીધો પ્રભાવ વૈવાહિક સંસ્થા પર પડે છે.

પતિ–પત્ની વચ્ચે સતત તણાવ, ઝગડો તેમજ છૂટાછેડાની નોબત,

તેનો સૌથી ઊંડો આઘાત બાળકોની માનસિકતા પર પડે છે.આગળ જઈને, એ જ બાળકો પોતાની પ્રૌઢાવસ્થામાં પોતાના સંબંધોમાં એ જ તણાવને પુનરાવર્તિત કરે છે.

ઉત્તરરામચરિતમમાં દર્શાવાયેલું રામ–સીતા દાંપત્ય આદર્શ, આજના સમાજ માટે જીવન્ત માર્ગદર્શક સિદ્ધાંત બની શકે છે. અહીં પતિ–પત્ની વચ્ચે રહેલા દંપત્ય પ્રેમ, સહજજીવન, ત્યાગ, સ્ત્રી–સન્માન, એકનિષ્ઠતા અને આધ્યાત્મિક ગૌરવનો સુમેળ સમગ્ર વૈવાહિક ચર્ચાને એક નવી દિશા આપે છે.

અંતમાં એવું કહી શકાય કે જો આધુનિક દંપત્તિ ઉત્તરરામચરિતમ્માં રહેલા દાંપત્ય–આદર્શોને સમજી, તેને વ્યવહારિક જીવનમાં ઉતારે, તો તેમના વ્યક્તિગત દાંપત્ય જીવનમાં શાંતિ, સ્નેહ, વિશ્વાસ અને સ્થિરતા વધશે અને વ્યાપક સામાજિક બંધારણ વધુ સ્વસ્થ, સંતુલિત અને મૂલ્ય–સમૃદ્ધ બની શકશે.

સંદર્ભ ગ્રંથ (References)

1. भवभूतिकृत उत्तररामचरितम्,
   चौखंबा संस्कृत संस्थान, वाराणसी
2. भारत में परिवार , विवाह और नातेदारी
   शोभिता जैन, रावत पब्लिकेशन
3. लग्न संस्कार पध्धति
   ब्रह्मवर्चस , श्री वेदमाता गायत्री ट्रस्ट, शांतिकुंज, हरिद्वार
4. Sociology of personal life
   Vanessa May, Petra Nordquist
   Bloomsbury Publishing
5. मनुस्मृति
   डॉ गजनशास्त्री मुसलगांवकर , चौखंबा सुरभारती प्रकाशन, वाराणसी